## ગાંધીનગર મનપામાં નાયબ કમિશનર પદે જે.બી. બારૈયા

ગાંધીનગર મહાનગર પાલિકામાં નાયબ કમિશનર પદે જે.બી. બારૈયાની નિમણુંક કરવામાં આવી છે. જે.બી.



બારૈયા-મહેસાણા જિલ્લાના પ્રાંત અધિકારી તરીકે સેવાઓ આપી રહ્યા હતા ત્યાંથી તેમની બદલી કરીને ગાંધીનગર મહાનગર પાલિકામાં નાયબ કમિશનર તરીકે મુકવામાં આવ્યા છે. જે.બી. બારૈયાએ પોતાનો ચાર્જ સંભાળી લીધો છે. અગાઉ પણ તેઓ ગાંધીનગર ખાતે પોતાની સેવાઓ આપી ચૂકયા હોઈ ફરી એકવાર નગરજનોને તેનો લાભ મળશે.

## રક્તદાન શિબિર

ઈન્ડિયન રેડક્રોસ, ગાંધીનગર અને જુસીકા દ્વારા એક રક્તદાન શિબિરનું આયોજન તા. ૪-મે સોમવારે સવારે ૧૦થી ૧ દરમ્યાન સૌરાષ્ટ્ર પટેલવાડી સેક્ટર-૭ ખાતે રાખેલ છે. જાહેર જનતાને લાભ લેવા અપીલ કરવામાં આવેલ છે.

## હિંમતનગરમાં યુવાને અગનપછેડી ઓઢી

હિંમતનગરના શક્તિનગર વિસ્તારમાં રહેતા એક યુવાને રવિવારે અગમ્ય કારણોસર પોતાના શરીર પર કેરોસીન છાંટી દીવાસળી ચાપી સળગી જતા ગંભીર રીતે દાઝી ગયા હતા. જેથી તેમને સારવાર માટે હિંમતનગર સીવીલમાં ખસેડાયા હતા. જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયુંહતું. જે અંગે એડીવીઝન પોલીસે ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

શક્તિનગર વિસ્તારમાં રહેતા ડુંગરભાઈ ભુરાજી તીરગર (ઉ.વ.૩૫) એ રવિવારે અગમ્ય કારણોસર પોતાની જાતે શરીર પર કેરોસીન છાંટી દીવાસળી ચાંપી દીધી હતી. જેથી દાઝી જતા સારવાર માટે સીવીલમાં દાખલ કરાયા હતા. જયાં તેમનું મોત નિપજયું હતું. જે અંગે સીવીલના ડૉ. હસમુખભાઈ રાઠોડે એડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ઘટતી કાર્યવાહી કરી હતી.



## ગાંધીનગરમાં ફેશન શૉ અને ડાન્સ કોમ્પીટીશન

ગાંધીનગરના ઘ-૫ ખાતે ઓપનએર થીયેટરમાં શનિવારે સાંજે જાઝ ગૃપ દ્વારા ફેશન શૉ તેમજ ડાન્સ કોમ્પીટીશન યોજાઈ હતી. કોમલબા ઝાલા પ્રેરિત ફેશન શૉ માં મોડેલોએ રેમ્પ વૉક કરી વિવિધ ફેશનેબલ વસ્ત્રોનું નિદર્શન પ્રસ્તુત કર્યુ હતુ. નગરજનોએ ફેશન શૉ અને ડાન્સ કોમ્પીટીશનને મન ભરીને માણી હતી.

# તબ્લીંગમાં વિદેશીઓના પ્રતિબંધને રદ કરવા ઉગ્ર રજૂઆત કરાઈ

### બનાસકાંઠા જમીયત ઉલમાના પ્રમુખે આવા નિર્ણય ને રદ કરવા માંગ કરી છે

પાલનપુર, તા.૩

બનાસકાંઠા જિલ્લાના જમીયત ઉલમાં દ્વારા તબ્લીગમાં વિદેશીઓના પ્રતિબંધને રદ કરવા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા અને આવા નિર્ણયો તાત્કાલિક ધોરણે રદ કરવા ઉલમાના આગેવાનોએ માંગ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જમીયત ઉલમાં ઉચ્ચ વિચારસરણી ધરાવતી જમાત છે. જે નિઃસ્વાર્થ પ્રયત્નો કરી ગુનાહીત કૃત્યથી હરહંમેશ દુર રહી હજારો નહી લાખોને સાચા માર્ગે લાવ્યા હોય તેવી તબ્લીગ જમાતના મનોબળ તોડી ભયભીત કરવામાં આવતા હોય છે તેવા સવાલો ઉભા થાય છે કે દેશને કોના ભરોસે છોડવા માંગીએ છીએ અને કયાં લઈ જવા માંગીએ છીએ અને તબ્લીગ જમાતમાં વિદેશીઓને ગુપ્તચર એજન્સી, ગૃહ ખાતા દ્વારા પ્રતિબંધની સુચનાનો અમલ સત્વરે રદ કરવામાં આવે તે માટે બનાસકાંઠા જિલ્લા જમીયત ઉલમાના પ્રમુખ મૌલવી અબ્દુલ હુદસે પોતાનો વિરોધ વ્યકત કરી ઉચ્ચ કક્ષાએ આ મામલાની રજૂઆત કરી તાત્કાલિક ધોરણે આવા નિર્ણોય રદ કરવા માંગણી કરી છે.




## નેપાળ ભૂકંપ પિડીતોની સહાય માટે લંડનમાં પરેડ

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પ્રેરણાથી વિશ્વ વિખ્યાત મુક્તજીવન સ્વામીબાપા પાઈપ બેન્ડે નેપાળના ભૂકંપગ્રસ્તો માટે રાહત સહાય માટે લંડન ખાતે પરેડ યોજી હતી. આ ઉપરાંત મુક્તજીવન સ્વામીબાપા ડીઝાસ્ટર મેનેજમેન્ટની રેસ્કયુ ટીમ નેપાળ પહોંચી કોઈપણ નાતજાતના ભેદભાવ વગર માનવ સેવા અભિયાન અંતર્ગત ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં ફરીને રાહત સહાય કાર્ય કરી રહી છે.

## મોડાસામાં નિવૃત્ત કર્મચારી મંડળનું અધિવેશન યોજાયુ

જાદર, તા. ૩

મોડાસા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળનું જનરલ અધિવેશન અને રજત જયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં પેન્શનર જોડાયા હતા.

અધિવેશનમાં સી.જી. રાણા, ગૌરીશંકર ઉપાધ્યાય, સમીરભાઈ ચૌહાણ, ડાહ્યાભાઈ પટેલ, સંદીપભાઈ વગેરે મંચસ્થ મહાનુભાવો હાજર રહ્યા હતા. અને પ્રારંભે ૭૫ વર્ષ પૂર્ણ કરનાર પેન્શનરોને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. બાદમાં પેન્શનર જગતને લગતા વિવિધ પ્રશ્નો અને પેન્શનરોને સરકાર તરફથી મળતા વિવિધ લાભો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ઉપસ્થિત તમામ પેન્શનરોને બે સ્ટીલના ગ્લાસ અંતે ભેટ આપવામાં આવ્યા હતા.

## હિંમતનગરમાં ભટ્ટ-મેવાડા સમાજનું સંમેલન યોજાયું

જાદર, તા. ૩

સાબરકાંઠાના હિંમતનગર ખાતે તાજેતરમાં ભટ્ટ મેવાડા સમાજનું 'સપ્તમ' સંમેલન યોજાયું હતું. જેમાં ગુજરાત-રાજસ્થાન અને મુંબઈ સહિતના રાજ્યોમાંથી મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ જોડાયા હતા.

આ સંમેલનના પ્રમુખપદે વૈદહીબેન જોષી, મુખ્ય મહેમાન પદે દિપકભાઈ જોષી અને અતિથિ વિશેષ પદે જશુભાઈ જોષી, જીગ્નેશ જોષી અને સુરેશભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પરિચય રમેશ જોષીએ કર્યુ હતું. અને ડૉ. વિનાયક પંડ્યાએ સમાજની વિવિધ પ્રવૃત્તિઓ અને સમાજ વિકાસ અંગે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપ્યુ હતુ. અંતે સંમેલનમાં સમાજની પ્રગતિ માટે દરેકે તૈયાર રહેવા, યુવા પેઢીને આગળ આવવા અને સમાજ જાગૃતિ અંગે હાંકલ કરવામાં આવી હતી.

## મહામંડળની માંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અસરકારકતા ઉભી થઈ છે. પરંતુ હજુ ઘણા ઠેકાણે કચરાપેટી મળી નથી જે પહોંચાડવા પણ રજુઆત કરવામાં આવી છે. બીજીતરફ કોર્પોરેશન દ્વારા સફાઈવેરામાં ત્રણ ઘણો વધારો ઝીંકી દેવાયો છે. તેની સામે પણ નારાજગી વ્યકત કરી છે. આ ઉપરાંત નગરમાં હેલીપેડ મેદાન તેમજ મહાત્મા મંદિર તેમજ જાહેર સ્થળોએ યોજાતા પ્રદર્શનો અન્વયે કોઈપણ પ્રકારનો સફાઈવેરો વસુલવામાં આવતો ન હોવાનું પણ ધ્યાને આવ્યુ છે. જે અન્વયે યોગ્ય ઠરાવ કરી મિલ્કત વેરો તેમજ સફાઇ વેરો યોગ્ય રીતે વસુલવા કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.રહીશો પાસેથી ત્રણગણો સફાઈવેરો વસુલવામાં આવે છે. ત્યારે ખાનગી કંપનીઓ પાસેથી કરવસુલ કરવામાં આવે તેમ પણ રજુઆતમાં જણાવાયુ છે. આ ઉપરાંત ત્રણગણો સફાઈ વેરો પાછો ખેંચવા પણ રજુઆતમાં જણાવાયું છે.

# હિટવેવની ચેતવણી વચ્ચે તીવ્ર ગરમી : હજુય પારો ૪૪ પર

અમદાવાદ,તા. ૩

અમદાવાદ સહિત રાજ્યમાં ફરી એકવાર હિટવેવની ચેતવણી જારી કરવામાં આવી છે જેના પરિણામ સ્વરુપે આગામી દિવસો સામાન્ય લોકો માટે વધુ મુશ્કેલીરુપ હોઈ શકે છે. અલબત્ત ગઈકાલની સરખામણીમાં અમદાવાદમાં ગરમીનો પારો આજે ઘટીને ૪૨.૬ થયો હતો પરંતુ તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. બપોરના ગાળામાં મોટાભાગના રસ્તાઓ સુમસામ દેખાયા હતા. આજે પણ રાજ્યમાં અમરેલીમાં ૪૪ ડિગ્રી સુધી પારો નોંધાયો હતો. અમરેલી ઉપરંત ઘણા ભાગોમાં પારો ૪૩થી ઉપર રહ્યો હતો. રાજ્યના જે વિસ્તારમાં પારો ૪૩થી ઉપર રહ્યો છે તેમાં ડિસા, ઈડર, રાજકોટ, સુરેન્દ્રનગર અને કંડલા એરપોર્ટનો સમાવેશ થાય છે. તીવ્ર ગરમી વચ્ચે લૂ લાગવાના બનાવોમાં એકાએક વધારો થયો છે. હિટવેવની ચેતવણી પણ હવામાન વિભાગ તરફથી જારી કરવામાં આવી છે. ગુજરાતના જુદા જુદા ભાગોમાં હિટવેવને લઈને ચિંતા પ્રવર્તી રહી છે. આજે કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. અમદાવાદ માટે સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આવતીકાલે પારો ૪૪ સુધી પહોંચી શકે છે. પારો યથવત રહેતા ફુડ પોઈઝિનિંગ ઉપર પેટમાં દુખાવો, ઝાડા ઉલ્ટીના બનાવોમાં એકાએક વધારો થઈ ગયો છે.


## શહેરના બગીચાઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એકાએક જ જાણે ભીડ જામવા માંડે છે. ઠંડા પીણા અને આઈસક્રીમની દુકાનો પર જમાવડો જોવા મળે છે. બગીચાઓમાં ભીડ ઉમટી પડે છે.

વિધાનસભાની સામે બનાવેલ સ્વર્ણિમ પાર્ક વસાહતીઓનું ફેવરીટ ડેસ્ટીનેશન બની ગયુંછે. ફુવારા શરુ થવાના સમયે અહીં ભીડ જામવાની શરૂઆત થઈ જાય છે. વેકેશન દરમિયાન એકદમ ફ્રી પડેલા બાળકો બગીચાઓમાં વિવિધ રમતો રમતા નજરે પડે છે. વિધાનસભાથી છેક મહાત્મા મંદિર સુધીના અઢી ત્રણ કિલોમીટર જેટલા લાંબા સ્વર્ણિમ પાર્કમાં જાણે મેળો ભરાયો હોય તેવું લાગે છે. આસપાસ આવેલા માર્ગો પર વાહનોની એટલી બધી ભીડ જામે છે કે પાર્કિંગની પણ માંડ જગ્યા મળે. પાર્કની આસપાસના બંને માર્ગો પર બરફગોળાની અને સોડાની લારીઓનો ભારે જમાવડો થઈ જાય છે. ઘણા વસાહતીઓ તો સાંજ થતાં જ અહીં આવી જાય છે અન છેક મોડી રાત્રે ઘરે પરત ફરે છે. વેકેશન દરમિયાન હરવા ફરવા આવેલા મહેમાનોને પણ અહીં ફરવા માટે લાવવામાં આવે છે. રવિવારની રજામાં અહીં ખુબ ભીડ જોવા મળે છે.

## શબ્દાવલી - ૫૭૨૦



### આડી ચાવી

૧. ગાંડાઘેલા કાઢવા (૫)
૫. એક જાતનો ઘોડો કે હાથી (૩)
૬. ગાગર, માંડ માંડ (૨)
૭. ખેલ-કૂદ (૬)
૧૦. વગડો, રેતનું મેદાન (૨)
૧૧. મગ જેવું એક કઠોળ (૨)
૧૩. ખુબ, અતિશય (૨)
૧૫. ઘર, ઝૂપડું (૩)
૧૭. ઘા કરવો (૩)
૧૯. પપ્પાના નાનાભાઇ (૨)
૨૦. કારીગરી જાણકાર (૪)
૨૨. નાહવાની જગ્યા (૩)
૨૩. રઝળપટ્ટી, ભટકવું (૪)

### ઊભી ચાવી

૧. તુચ્છ (૩)
૨. આ વનસ્પતિના મૂળનું અથાણું થાય છે (૪)
૩. પાટ, ખાટલો (૩)
૪. દર (૨)
૬. શોક (૩)
૮. તિખારો (૩)
૯. ડાયાબિટીશ (૫)
૧૨. મારવું, ઠપકો, આપવો(૫)
૧૪. વિશાળ, મોટું (૨)
૧૬. રણકવાનો અવાજ (૪)
૧૮. રીવાજ, રીત (૩)
૧૯. પત્ર, લેટર (૩)
૨૧. ખીજનું વિરોધી (૨)

### શબ્દાવલી ૫૭૧૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) પક્ષપાતી (૬) રમા (૭) રથાંગપાણી (૯) રાચ (૧૦) મશીનગન (૧૨) મનામણા (૧૪) જાનમાલ (૧૬) આદમ (૧૮) વોક (૧૯) કામણટૂમણ

**ઊભી ચાવી :-** (૧) પરસુરામ (૨) ક્ષમાયાચના (૩) તીર (૪) આગમન (૫) વાણી (૧૦) મણા (૧૧) ગરમાવો (૧૩) મથામણ (૧૪) જાલીમ (૧૫) લકટી (૧૬) આકા (૧૭) દમ

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ અમદાવાદ એટલે ગુજરાત નથી. ગુજરાતના અનેક શહેરો એવા છે કે જયાં પ્લાસ્ટીકના કપમાં ચા આપવામાં આવે છે. તબીબો કહે છે કે કોઈપણ ગરમ વસ્તુ હલકા મટીરિયલવાળા પ્લાસ્ટીકમાં ભરવામાં આવે તો તે પ્લાસ્ટીકના જે કોઇ તત્વો છે તે ચા માં ભળી જાય છે. સવાલ એ થાય છે કે ગુજરાત સરકાર સંપૂર્ણ રાજયમાં પ્રતિબંધ કેમ મૂકતી નથી. આ માત્ર અમદાવાદનો સવાલ નથી, રાજયના પ્રત્યેક નાનામોટા શહેરોમાં આવી ખરાબ ફેશન શરૂ થઈ ગઈ છે. પર્યાવરણવિદો એ એવી માગણી કરી છે કે સરકારે ખુદ આવો પ્રતિબંધ મૂકી દેવો જોઈએ. આજે સચિવાલયમાં કાગળના કપમાં ચા પિરસવામાં આવે છે પણ સચિવાલય બહાર આવેલી ચા ની કિટલી પર પ્લાસ્ટીકનું ચલણ જોર પકડે છે...

**એમઓયુ થયા... પછી શું?! જવાબ નથી ...**

ગુજરાત વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં જે ઉદ્યોગજૂથે સરકાર સાથે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ કર્યા છે તેમને બધાંને ચાર મહિના પછી કોઈ પ્રત્યુત્તર મળ્યો નથી. એક એનઆરઆઈ બિઝનેસમેન કહે છે કે મેં વડોદરામાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે પ્રપોઝલ મોકલી હતી. મને એમઓયુનું સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે પરંતુ ત્યારપછી સરકાર તરફથી કોઈ કોરસપોન્ડન્ટ થયો નથી. રાજયના ચીફ સેક્રેટરી ડી. જે. પાંડિયને હમણાં જ એમઓયુની રિવ્યુ બેઠક કરી હતી જેમાં મોટા પ્રોજેક્ટોને નડતી સમસ્યાઓ અંગે ચીફ મિનિસ્ટરને બ્રીફ કર્યું હતું. ખાસ કરીને જમીન મહેસૂલ અને ઈન્ડસ્ટ્રીઝ સ્થાપવાના કાયદા ઉદ્યોગોને અડચણરૂપ બને છે. બીજી બાબત એવી સામે આવી છે કે સરકાર અને ઉદ્યોગગૃહના પ્રતિનિધિ સાથે સંકલન થતું નથી. ઘણીવાર 'બાઈ બાઈ ચારણી... જેવો ઘાટ ઘડાય છે. એક એનઆરઆઈએ કહ્યું કે સરકાર મોટા ઉપાડે અમને વાયબ્રન્ટ સમિટનું આમંત્રણ આપી ઉપસ્થિત કરવાનો આગ્રહ કરતી હોય છે પરંતુ એમઓયુ સાઈન કર્યા પછી અમારા જેવા ૫૦ કે ૧૦૦ કરોડના મૂડીરોકાણવાળા ઉદ્યોગપતિઓને કોઈ પૂછતું નથી.

**ચાર દિન કી ચાંદની ફિર અંધેરી રાત ...**

પેટ્રોલ-ડિઝલના ભાવ બાબતે એવું કહી શકાય કે ચાર દિન કી ચાંદની ફિર અંધેરી રાત.. કેમ કે કેન્દ્રમાં કોંગ્રેસ પ્રેરિત યુપીએની સરકાર હોય કે ભાજપ પ્રેરિત એનડીએનું શાસન હોય, પેટ્રોલડિઝલના ભાવ પર કોઈ સરકારનો કાબુ રહ્યો નથી. અચ્છે દિન આનેવાલે હૈ... એવું લોકસભાની ચૂંટણીના પ્રચારમાં કહેવાતું હતું પરંતુ અતિ આવશ્યક એવી આ બન્ને ચીજો ઉપર સતત ભાવવધારો થતો રહ્યો છે. વિશ્વના બજારમાં ક્રુડઓઈલના ભાવમાં જે ફરક પડે તેની સીધી અસર આ પેટ્રોલિયમ પ્રોડક્ટ પર પડતી હોય છે. હા, સરકાર ધારે તો આ બન્ને ફ્યુઅલ સસ્તા કરી શકે છે. તેના ઉપર લગાડવામાં આવતા કરવેરામાં રાહતો આપી શકે છે. ગુજરાત સરકાર જો પેટ્રોલ અને ડિઝલ પર થોડો વેટ ઓછો કરે તો ગુજરાતની સાડા છ કરોડની જનતાને પેટ્રોલ ૪૦ થી ૪૨ રૂપિયે અને ડિઝલ ૩૦ થઈ ૩૨ રૂપિયે લિટર મળે. ભાવ ઘટવા લાગ્યા ત્યારે મોદી ભક્તો કહેતા હતા કે અચ્છે દિન આ ગયે, હવે તેમની બોલતી બંધ થઈ ગઈ છે. સત્તા મેળવવી સહેલી છે, પચાવવી અઘરી છે...

**સિંહોની સંખ્યા ૫૦૦ થવાનું અનુમાન ...**

મે સુધી ચાલનારી આ વસતી ગણતરીનું રિઝલ્ટ ૯મી મે ના રોજ ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ કરશે. ૨૦૧૦માં તત્કાલિન ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ લાયન સેન્સસનું રિઝલ્ટ જાહેર કર્યું હતું. તે સમયે ગુજરાતમાં ૪૧૧ સિંહ નોંધાયા હતા. સિંહોની પહેલી વસતી ગણતરી ૧૯૩૬માં કરવામાં આવી ત્યારે તેમની સંખ્યા ૨૮૭ નોંધાયેલી હતી, જે ૧૯૬૮માં ઘટીને ૧૭૭ થઈ ગઈ હતી. સિંહોની સંખ્યામાં વિક્રમી ઉછાળો ૧૯૯૫માં આવ્યો હતો જેની સંખ્યા ૩૦૪ નોંધવામાં આવી છે, તે પછી સિંહોની સંખ્યા અને વિસ્તાર સતત વધતો ગયો છે. ગીર અભ્યારણ્યને છોડીને આજે સિંહો સૌરાષ્ટ્રના આઠ જિલ્લામાં પ્રવેશી ચૂક્યા છે. ગણતરીકારોના મતે સિંહોની સંખ્યા વધીને ૫૦૦ જેટલી થવાનું અનુમાન છે...

**બુલેટ ટ્રેન માટે સાત વર્ષનો ઇન્તજાર ...**

અમદાવાદ અને મુંબઇ વચ્ચે શરૂ થનારી બુલેટ ટ્રેન માટે ગુજરાત અને મુંબઈના લોકોએ સાત વર્ષ સુધી રાહ જોવી પડશે. એટલે કે હજી આપણે લોકસભાની બે ચૂંટણીઓ સુધી રાહ જોવાની છે. જાપાનના સહયોગથી આ બુલેટ ટ્રેનનો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. બન્ને શહેરો વચ્ચેનું અંતર ૫૫૦ કિલોમીટર થાય છે અને આ ટ્રેનમાં રોજના ૪૦,૦૦૦ લોકો મુસાફરી કરી શકશે. સૂત્રો કહે છે કે એક સામાન્ય ટ્રેકના નિર્માણ પર જે ખર્ચ થાય છે તેની સરખામણીએ હાઈસ્પીડ ટ્રેનના એક કિલોમીટના નિર્માણમાં ૧૦ થી ૧૪ ગણો વધારે ખર્ચ થાય છે. આ બુલેટ ટ્રેનની મુસાફરીમાં અમદાવાદ થી મુંબઈ માત્ર અઢી કલાકમાં પહોંચી શકાશે. અમદાવાદગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટને શરૂ કરવામાં સરકારે ત્રણ ત્રણ વિધાનસભાની ચૂંટણીઓ પસાર કરી છે, પણ તેનું કામ હવે શરૂ થયું છે, હવે સમજી શકાય છે કે બુલેટ ટ્રેન માટે કેટલા સમયની જરૂર છે...

**સરકારી ઓફિસોમાં કરપ્શન વધ્યું છે ...**

સરકારી ઓફિસોમાં કરપ્શનનું પ્રમાણ વધ્યું હોવાનું સચિવાલયના એક સિનિયર મોસ્ટ ઓફિસરે કહ્યું છે. સચિવાલય તો ઠીક જિલ્લા અને તાલુકાની કચેરીઓમાં લાંચ આપ્યા વિના કોઈ કામ થતું નથી. એન્ટી કરપ્શન બ્યુરો પાસે હાલ જેટલો સ્ટાફ છે તે પુરતો નથી તેમ છતાં લાંચમાં કોઈ કર્મચારી કે ઓફિસર સપડાયા હોય તેવો રોજનો સરેરાશ એક કિસ્સો બને છે. કરપ્શન રોકવાના આપણા કાયદા પણ હલકાં છે, જેમાં સુધારા કરવાની આવશ્યકતા છે. આ ઓફિસરનું કહેવું છે કે કરપ્શન કરવાની સ્ટાઈલો બદલાતી રહે છે અને હવે તેમાં એજન્ટોનું આક્રમણ થયું છે. એક કિસ્સામાં એવરેજ પાંચ કે તેથી વધુ વ્યક્તિ સંડોવાયેલી જોવા મળે છે. બીજી તરફ સચિવાલયમાં બદલીઓની ભણામણ બંધ થયા પછી રાજકીય નેતાઓને ટેન્ડરોમાં વધુ રસ પડ્યો છે તેથી ટેન્ડરની ગોલમાલની સંભાવના વધતી જોવા મળે છે...

**'ફુડ ફોર ઓલ મિશન સાથે બ્રિટન ...**

આંખના સર્જન ડો. રાજન દેસાઈ, ઓર્થોપેડિક સર્જન ડો. પરેશ પટેલ, ફિઝિશિયન ડો. અશોક પટેલ અને કેમિકલ બિઝનેસમેન ચેતન દેસાઈ કે જેઓ તમામ વેજીટેરિયન છે તેઓ 'ફુડ ફોર ઓલ ના મિશન સાથે લંડનની કાર ટૂરમાં નિકળ્યા છે. ટ્રાવેલર વોલ્વો કારમાં આગળ અને પાછળ કેમેરા લગાડવામાં આવ્યા છે કે જેથી પ્રત્યેક સેકન્ડનું શૂટીંગ થશે. સુરત થી લંડન ૧૬૦૭૭ કિલોમીટર દૂર છે જેમાં ૭૦૦ કિલોમીટર પર્વતીય વિસ્તાર અને ૨૧૦૦ કિલોમીટનો રણ પ્રદેશ છે. ૧૫ દેશોમાં ફરીને તેઓ ૧૮મી જૂને લંડન પહોંચશે. આ તો થઈ સજાની વાત, પણ મજાની વાત એવી છે કે તેમની આ કાર શિપમાં સુરત પાછી આવશે જયારે તેઓ ચારેય ફ્લાઈટમાં પાછા આવશે. આખી સફર દરમ્યાન નેધરલેન્ડ પાસે ૧૦૮ નોટીકલ માઈલનો દરિયો પસાર કરવાનો છે તે શિપમાં થશે. આ ટૂરના દિવસો ૪૯ થવા જાય છે...

**પલસાણામાં ભાજપનું ઇલેક્શન ચિંતન ...**

સુરત પાસેના પલસાણામાં ભાજપની ચિંતન બેઠક યોજાઈ હતી જેમાં પાર્ટીના સિનિયર નેતાઓએ ચીફ મિનિસ્ટર અને પાર્ટી પ્રેસિડેન્ટ સાથે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી સંદર્ભે ચર્ચા કરી છે. પાર્ટીએ આ જંગને જીતવા માટે વોર્ડ પ્રમાણે સ્ટેટેજી ગોઠવવાનું નક્કી કર્યું હોવાનું એક સિનિયર લિડરે જણાવ્યું હતું. બીજી તરફ ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવા જિલ્લા અને તાલુકાનો પ્રવાસ ચાલુ કર્યો છે તેમાં ઈલેકશન જ મુખ્ય કારણ માનવામાં આવે છે. ગુજરાતના મહિલા ચીફ મિનિસ્ટર તત્કાલિન ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીથી અલગ પડે તેવી એક બાબત એવી છે કે આનંદીબેન પટેલે મોટરમાર્ગે કે હવાઈ માર્ગે ગુજરાતનો પ્રવાસ ખૂબ કર્યો છે. મોદી જયાં ગયા નથી ત્યાં પણ આનંદીબેન ગયેલા છે. મોટરમાર્ગના પ્રવાસમાં તેમને કોઈ પહોંચી શકે તેમ નથી. સચિવાલયમાં આવતો અને સીએમને મળવા માગતો એક પણ મુલાકાતી નિરાશ થઈને પાછો જતો નથી. તેઓ પ્રત્યેકને મુલાકાત આપતા હોય છે...

**પાટનગર વાઇફાઇ ક્યારે થશે ...**

વાયબ્રન્ટ સમિટ વખતે મહાત્મા મંદિર પરિસરમાં મુલાકાતીઓ અને મહેમાનોને ફોરજી નેટવર્કની વાઈફાઈ સુવિધા આપવામાં આવી હતી. હવે આખા ગાંધીનગરને વાઈફાઈ બનાવવાનું આયોજન છે. સાયન્સ ટેકનોલોજીના એક ઓફિસરે કહ્યું હતું કે સરકારે આ દિશામાં પ્રયાસો શરૂ કર્યા છે. હાલ તો સચિવાલય અને વિધાનસભા સંકુલમાં વાઈફાઈ માટે કાર્યવાહી કરવામાં આવી છે, હવે શહેરના મુખ્ય મથકોને આવરી લેવાનું પ્લાનિંગ છે. ગુજરાતને વાઈફાઈ બનાવવાની દિશામાં સરકારના પ્રયાસો ચાલી રહ્યા છે ત્યારે રાજયના પાટનગરને પણ વાઈફાઈ એનેબલ બનાવવાની શરૂઆત કરાશે પણ ક્યારે કરાશે તે નિશ્ચિત નથી...